**ચાર્જ એલાઉન્સ અંગેની સૂચના આપવા બાબત...............**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ- એસએસપી/૧૦૨૦૧૨/યુ.ઓ-૮૭૩(૧)/ચ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૬/૧૨/૨૦૧૨

<u>વંચાણે લીધા</u> -(૧) નાણા વિભાગનો પરિપત્ર ક્રમાંકઃ-એસએસપી/૧૦૨૦૧૨/યુ.ઓ-૮૭૩/ચ
તા.૨૨/૦૨/૨૦૧૨
(૨) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૧૦૨૦૦૧/યુ.ઓ-૬૭૦/ચ,
તા.૦૧/૦૬/૨૦૦૨

## <u>પ રિ પ ત્ર</u>

ઉપરોકત વંચાણે લીધા પરિપત્ર ક્રમાંક-(૧)થી બહાર પાડવામાં આવેલ ચાર્જ એલાઉન્સની સૂચનાઓ આથી રદ કરવામાં આવે છે. અને સુધારેલ પરિપત્ર નીચે બુજબ બહાર પડવાનુ નક્કી કરવામાં આવે છે.

ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો ૨૦૦૨ના નિયમ-૪૯ માં જોગવાઇ કરવામાં આવેલ છે કે બદલી, રજા, કે અન્ય કારણોસર જગ્યા ખાલી પડે તો તે જગ્યા નો ચાર્જ અન્ય કર્મચારીને/અધિકારીને નિયમોનુસાર આપી શકાય છે. ચાર્જ આપતા સમયે નીચેની બાબતોનુ પાલન કરવાનુ રહેશે.

(૧) બાર માસ કરતા વધુ સમય હોય તેવા સમયગાળા માટે ખાસપગાર મંજુર કરી શકાશે નહી. અને જગ્યા સ્થગિત થયેલ ગણવામાં આવશે.

(૨) વહીવટી વિભાગના સચિવ બારમાસ કરતાં વધુ સમય સુધી ખાલી પડેલ જગા સંબંધમાં મંજુરીના હુકમમાં ખાસ કારણોની નોધ કરીને ખાસ પગાર મંજુર કરી શકશે. અને તેની નકલ નાણા વિભાગને મોકલવાની રહેશે.

(૩) સતત ત્રણ વર્ષ કરતાં વધુ સમય માટે ખાલી પડેલ હોય તો તેવી જગ્યાની બાબતમાં વધારાનુ ચાર્જ એલાઉન્સ મંજુર કરી શકાશે નહિ. અને આવી જગ્યાઓ આપોઆપ રદ થવાને પાત્ર છે.

(૪) હંગામી જગ્યાઓ ત્રણવર્ષ બાદ આપો આપ રદ થશે.પરંતુ કાયમી જગ્યાઓ આપો આપ રદ થશે નહીં.

ઉક્ત જોગવાઇનો ચુસ્તપણે અમલ કરવામાં આવે અને ત્રણ વર્ષથી વધુ સમયનુ ચાર્જ એલાઉન્સ ખાસ કિસ્સામાં મંજુર કરવાની દરખાસ્ત નાણા વિભાગને રજૂ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહિ તેની પૂરતી કાળજી રાખવા આથી તમામ વહીવટી વિભાગ/ ખાતાના/કચેરીના વડાઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(એચ.ડી.સેઇલર)
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત રાજય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/ સર્વે ખાતાના વડાઓ/ સર્વે નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ/એ. એન્ડ ઇ.), ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર. સ.સ.ન.નિગમ લિ. ગાંધીનગર/વડોદરા
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવીડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/શાખાઓ, સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ, વેબ સાઇટ ઉપર મુકવા સારૂ.
સિલેકટ ફાઇલ